# કોંગ્રેસના બે ધારાસભ્યોના રાજીનામા : ભાજપનું કોંગ્રેસીકરણ

**માણાવદરના જવાહર ચાવડાએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપી ભાજપમાં વિધિવત જોડાયા : જ્યારે ધ્રાગંધ્રાના ધારાસભ્ય પુરુષોત્તમ સાબરીયાએ મોડીસાંજે ધારાસભ્ય પદેથી અને કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યું : જેઓ આવતીકાલે ભાજપમાં જોડાય તેવી શક્યતાઓ : રાજીનામુ આપનાર ધારાસભ્યોને એકાદ-બે દિવસમાં મંત્રી પદ અને સંસદીય સચિવ પદની શપથવિધિ કરાય તેવી અટકળો પણ ગાંધીનગરમાં જોરશોરથી ચાલે છે : હજુ વધુ બે ધારાસભ્યો કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાવાની શક્યતાઓ પ્રબળ છે : લોકસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસનું સંખ્યાબળ ધીરેધીરે ઘટી રહ્યું છે : કોંગ્રેસની છાવણીમાં ફેલાયેલું ચિંતાનું મોજુ**

અમદાવાદ,તા. ૮

ગુજરાતમાં કોંગ્રેસ માટે આજે ઝટકા ઉપર ઝટકા લાગ્યા હતા. કોંગ્રેસના વરિષ્ટ બે ધારાસભ્યોએ રાજીનામુ આપતા રાજકીય ભૂકંપ સર્જાયો હતો. માણાવદરના વરિષ્ટ ધારાસભ્ય જવાહર ચાવડાએ બપોરે અધ્યક્ષને મળી રાજીનામાનો પત્ર સુપરત કરતા કોંગ્રેસને પહેલો આંચકો અનુભવાયો હતો. શ્રી ચાવડા સાંજે ૪ વાગ્યે તો કમલમ્ પર પહોંચી વિધિવત કેસરીયો ધારણ કર્યો હતો. હજુ તો જવાહર ચાવડાના રાજીનામાની કળ કોંગ્રેસને વળે ત્યાં સુધીમાં એટલે કે સાંજે ૬.૩૦ કલાકે ધ્રાગંધ્રાના ધારાસભ્ય પુરુષોત્તમ સાબરીયાએ અધ્યક્ષને રૂબરૂ મળી તેમણે પણ રાજીનામુ સુપરત કર્યું હતું. આમ એક જ દિવસ બબ્બે ધારાસભ્ય જવાથી કોગ્રેસ પર ભાજપે જાણે સર્જીકલ સ્ટ્રાઈક કરી હોય એમ લાગતુ હતુ. ભાજપમાં પણ આયાતી નેતાઓથી ગણગણાટ વધતો જાય છે. હજુ આવનારા બે - ત્રણ દિવસમાં ગુજરાતનું રાજકારણ કેવા રંગ લેશે એ ચર્ચાનો વિષય બની રહ્યો છે.





લોકસભા ચૂંટણી જાહેર થવા આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ભાજપ કોંગ્રેસના ધારાસભ્યોને પોતાના પક્ષમાં ખેંચવા લાગ્યો છે. હાલ કોંગ્રેસના અલ્પેશ ઠાકોર સહિત ચારથી પાંચ ધારાસભ્યો ભાજપમાં જોડાવા જઈ રહ્યા હોવાની અટકળો તેજ બની હતી ત્યારે આજે અચાનક અલ્પેશના બદલે ધારાસભ્ય જવાહર ચાવડાએ રાજીનામું આપી દેતાં કોંગ્રેસમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. એટલું જ નહી, કોંગ્રેસનો છેડો ફાડી જવાહર ચાવડાએ ભાજપનો કેસરિયો ધારણ કરી લીધો હતો. એટલું જ નહી, જવાહર ચાવડાએ કમલમ પહોંચીને ગૃહરાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાના હાથે મીઠાઈ ખાઈને ભાજપનો ખેસ ધારણ કર્યો હતો. જવાહરને કેબિનેટમંત્રી પદ મળે એવી શક્યતા છે. લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાતના રાજકારણમાં રોજ નવો ઘટનાક્રમ સર્જાઇ રહ્યો છે, જેને લઈ સ્થાનિક રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસના ધારાસભ્ય જવાહર ચાવડાએ વિધાનસભા અધ્યક્ષ ડો. રાજેન્દ્ર ત્રિવેદીને રાજીનામું સોંપ્યું

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતનુ રાજકારણ ક્યાં જઈને અટકશે

**સમયસર**

લોકસભાની ચૂંટણીના કાઉન્ટડાઉન સાથે ગુજરાતના રાજકારણમાં ભૂકંપના આંચકા અનુભવાય છે. કોંગ્રેસના મોટા ગજાના બે ધારાસભ્યોએ થોડાક સમય પહેલા જ રાજીનામુ આપ્યુ હતુ અને આજે વધુ બે ધારાસભ્યોએ કોંગ્રેસ પક્ષમાંથી અને ધારાસભ્યપદેથી રાજીનામુ આપતા રાજકારણ ગરમાયુ છે. દેશનો સામાન્ય મતદાર તોડફોડના રાજકારણથી વ્યથિત છે. આ પક્ષ હોય કે પેલો પક્ષ હોય કોઈ સિદ્ધાંતને આધારે ચાલતા નથી. બધાં જ સગવડિયા નિર્ણયો અને સગવડિયા સમાધાનો થાય છે એ વાતનો ઈન્કાર કોઈ કરી શકે એમ નથી. પરંતુ રાતોરાત વિચારધારા બદલવા પાછળ કયા પરિબળો ભાગ ભજવે છે? અઢી વર્ષ પછી ચૂંટાયેલા ધારાસભ્યને બ્રહ્મજ્ઞાન થાય કે મારા મત વિસ્તારમાં વિકાસ કરવો હોય તો મારે સત્તા પક્ષમાં જોડાવવુ જોઈએ. બાર વર્ષ ગુજરાતમાં અને પાંચ વર્ષ કેન્દ્રમાં નેતૃત્વ કરી રહેલા પ્રધાનમંત્રી માટે રાતોરાત ઉમળકો જાગે એ પણ હજુ સમજાતુ નથી. વર્ષો સુધી જે પક્ષ અને નેતાઓને ઉઘાડે છોગ ભાંડી હોય એ પક્ષ અને નેતાઓ સાથે મીઠાઈની જયાફત કેવી રીતે થઈ શકે. વધારે પીડાજનક સ્થિતિ તો કાર્યકરોની છે. વર્ષો વર્ષ જેમની સામે લડ્યા એમને ખભે ઉંચકવાના અને જેમને ખભે ઉંચક્યા તેમની સામે લડવાનું..! પક્ષ બદલતા ધારાસભ્યો-સંસદસભ્યો પોતાના કાર્યકરો-મતદારોની માનસિક સ્થિતિનો વિચાર કરે છે ખરાં... કે માત્ર ને માત્ર પોતાના સ્વાર્થ કે સત્તાના સોદામાં મતદારોનો પણ સોદો થાય છે. સુફિયાણી વાતો કરનાર નેતાઓ એમના શુભેચ્છકો, કાર્યકરો અને મતદારોને શુ સમજી બેઠા છે એ પ્રશ્ન પણ સતાવે છે.

રાજકારણમાં ખરીદ-વેચાણ સંઘ નવી વાત નથી પણ વિશ્વની સૌથી મોટી ગણાતી પાર્ટીઓ આવી રાજરમત કરે ત્યારે સહજ તેમની શક્તિ સામે અને માનસિકતા સામે ચોક્કસ સવાલો થાય અને બીજા પક્ષમાંથી ભરતીમેળો કરી લવાતા નેતાઓને અપાતા પદ કે પ્રતિષ્ઠાને પોતાના પક્ષના કર્મઠ કાર્યકર્તાઓની માનસિકતાનો પણ અભ્યાસ કરવો જરૂરી છે. દર ચૂંટણીએ યોજાતા ભરતીમેળામાં પક્ષના કાર્યકરોનું મનોબળ તળીયે પહોંચે છે. હા સત્તા સામે બોલવાની કોઈની હિંમત નથી એવો પણ ગણગણાટ છે પણ મનથી નારાજ થાય છે. કાર્યકરોની ફોજ છે, નેતાઓ અઢળક છે, વિચારધારા મજબૂત છે, નીતિ અને નિયત સાફ છે તો બીજા પક્ષોને તોડવાની જરૂરીયાત પણ શુ છે. આ કોઈ એકનો પ્રશ્ન નથી, સમગ્ર સમાજમાં ચર્ચાતો સવાલ છે.

નબળા ગણાતા પક્ષ, તુટી ગયેલા પક્ષમાંથી વીણી લાવવાની જરૂરીયાત કેમ ઉભી થાય છે અને ચૂંટણી ટાણે જ વફાદારીઓ બદલતા વામણાં નેતાઓ ગમે તેટલા

● અનુસંધાન પાન-૭ પર

# આજે ધો-૧૦માં વિજ્ઞાન અને ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં કેમેસ્ટ્રીનુ પેપર

**ઇતિહાસ અને સ્ટેટ વિષયની પરીક્ષા સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે સરળ રહી**


ગાંધીનગર તા ૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્તર માધ્યમિક શિક્ષણ બાર્ડ દ્વારા બોર્ડ પરીક્ષાનો પ્રારંભ કરાયા બાદ આજે બીજા દિવસે ધો -૧૦ અને ૧૨ માં એક પણ વિષયની પરીક્ષા ન હતી જયારે સામાન્ય પ્રવાહમાં ઈતિહાસ વિષયની પરીક્ષા આપી હતી જિલ્લામાંથી ૫૧૬ વિદ્યાર્થીઓએ ઈતિહાસની પરીક્ષા આપી હતી. જયારે ૬૬૮૩ વિદ્યાર્થીઓ સ્ટેટ વિષયની પરીક્ષા આપી હતી. પરીક્ષા દરમિયાન કોઈપણ કોપી કેસ નોંધાયો નથી. શનિવારે ધો -૧૦ માં વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ વિજ્ઞાન પ્રવાહમાં રસાયણ વિજ્ઞાનની પરીક્ષા લેવાશે.

માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષાનો તા ૭ માર્ચથી પ્રારંભ કરી દેવાયો છે. જયારે પરીક્ષાની શરૂઆત ગઈકાલે શાંતિપુર્ણ માહોલમાં થઈ હતી. પરીક્ષાના પ્રારંભે ધો -૧૦ માં ગુજરાતી અને વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાનનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં ખુશહાલી

● અનુસંધાન પાન-૭ પર


**બેસણું**



અમારા પૂજ્ય માતૃશ્રી **રામી પદમાબેન નટવરલાલ, મહેસાણા (ધિણોજ)** તા.૬-૩-૨૦૧૯ને **બુધવાર**ના રોજ દેવલોક પામ્યાં છે. **સ્વર્ગસ્થનું બેસણું તા.૧૦-૩-૨૦૧૯ને રવિવાર**ના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ સુધી અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ : ૪, વિઠ્ઠલપાર્ક સોસાયટી, વિભાગ-૧, અર્બન બેન્ક રોડ, માલગોડાઉન, મહેસાણા. મો. ૯૮૨૫૪ ૮૩૮૮૭

લિ.
વિરેન્દ્રકુમાર નટવરલાલ રામી (પ્રેસ ફોટોગ્રાફર)
હંસાબેન વિરેન્દ્રકુમાર રામી
ધાર્મિક વિરેન્દ્રકુમાર રામી
મિલન વિરેન્દ્રકુમાર રામી
નિશા મિલનકુમાર રામી
પહલ વિરેન્દ્રકુમાર રામી

સ્વ.નટવરલાલ વિઠ્ઠલદાસ રામી (પેઈન્ટર) પરિવાર


# મહેસુલી કર્મયોગીઓની માસ સી.એલ.થી લોકો રખડી પડયા

ગાંધીનગર, તા.૮

રાજયના મહેસુલી કર્મચારીઓએ આજે આપેલ એક દિવસની માસ સી.એલ.નો કાર્યક્રમ સફળ રહ્યો હતો.



મહેસુલી કર્મચારીની સામુહિક રજાની અસરને કારણે વિવિધ કલેકટર કચેરીઓ તથા મામલતદાર કચેરીઓ પર આવેલા મુલાકાતીઓ તેમના કામ અટકવાઈ જતા મુશ્કેલીમાં મુકાયા હતા અને નિરાશ થઈ પરત ફર્યા હતા.

મહેસુલી કર્મચારીઓએ તેમની ૧૧મીથી અચોકકસ મુદતની હડતાલનું એલાન યથાવત હોવાની પણ આજે સાંજે વિધિવત ઘોષણા કરી દીધી છે.

મહેસુલી કર્મચારીઓની હડતાલ અને માસ સી.એલ.ની સીધી અસર વહીવટી તંત્ર પર પડી હતી. જો કે સરકારના સૂત્રો કોઈ જ અસર થઈ નહિ હોવાનું જણાવી રહ્યા છે.

આજની માસ સી.એલ. અને ૧૧મીથી અચોકકસ મુદતની હડતાલની અસર ચૂંટણીની તૈયારીને થઈ છે એટલું જ નહિ મહેસુલી કચેરીઓમાં જનસેવા કેન્દ્ર દ્વારા અપાતી સેવાઓને સૌથી વિપરીત અસર પડવા પામી હતી.


આપના સપનાનું ઘર આપની રાહ જોઇ રહ્યું છે.... સહપરિવાર જોવા પધારો




RERA Reg. No.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA00941/071217 - www.gujrera.gujarat.gov.in

શિવાલય PARISAR
3 BHK LUXURY

besides shivalay residency,
opp. kanam-1, kudasan

exclusively marketed by:
tps The Property Shop
98980 29451, 99092 80666


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com